રાજ્યમાં ખેડૂતો દ્વારા સ્વ ખર્ચે તળાવોમાંથી કાંપ લઇ જવા (ડીસીલ્ટીંગ) માટેની કાર્યપધ્ધતિ નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંક : તલવ/૨૦૧૬/૩૨૮/૧/ક-૩,
સચિવાલય, ગાંધીનગર
તા. ૫/૦૪/૨૦૧૬

વંચાણે લીધા.

(૧) ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગના પરિપત્ર ક્રમાંકઃ ધરસ/૨૦૦૦/એમપી/૬૯-૫૭-૯૨/પી, તા. ૧૯/૦૨/૨૦૧૦

આમુખ :-

સિંચાઇ જળાશયોમાં જમા થયેલ કાંપ/ગાળનો જથ્થો જરૂરતમંદોને આપવા બાબતે વિભાગનો તા. ૧૯/૦૨/૨૦૧૦નો પરિપત્ર અમલમાં છે.

રાજ્યમાં તળાવો ઉંડા કરવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉંડા ઉતારેલ તળાવો પૈકી મોટા ભાગના તળાવોમાં ચોમાસામાં વરસાદી પાણીના આવરાના કારણે અને સમય પસાર થતાં તેમાં વધુ પ્રમાણમાં સીલ્ટીંગ થવાથી આવા તળાવોની સંગ્રહ શક્તિમાં નોંધપાત્ર ઘટાડો થાય છે.

તળાવોમાં ભરાયેલ કાંપ સરકારી મશીનરીથી જરૂરતમંદ ખેડૂતોને આપવાની પ્રણાલી હાલમાં અમલમાં છે. રાજ્યમાં આવેલ તળાવોની સંગ્રહ શક્તિમાં નોંધપાત્ર વધારો કરવા માટે તળાવોમાં ભરાયેલ કાંપ જો ખેડૂતોને સ્વ ખર્ચે વિના મૂલ્યે લઇ જવા દેવામાં આવે તો તળાવોની સંગ્રહ શક્તિમાં નોંધપાત્ર વધારો થઇ શકે તેમ છે. જેનાથી ખેડૂતોને ખેત ઉત્પાદનમાં લાભ મળશે અને તળાવો ઉંડા પણ થઇ શકશે. તળાવોમાંથી કાંપ કાઢવાની કામગીરી ખેડૂતો દ્વારા સ્વ ખર્ચે બહોળા પ્રમાણમાં હાથ ધરાય તે માટે એક કાર્ય પધ્ધતિ નક્કી કરવાની સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્ર :-

જો આ કાંપ ખેડૂતો દ્વારા તેમના સ્વ ખર્ચે અને જોખમે વહન કરી તેમના ખેતરોમાં ઉપયોગ કરવામાં આવે તો ઉભય પક્ષે ફાયદો થાય તેમ છે. આ પ્રમાણે ખેડૂતોને વિના મૂલ્યે તળાવમાંથી કાંપ લઇ જવા માટે પ્રોત્સાહિત કરવા સ્થાનિક કક્ષાએ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા જાહેરાત કરાવવી અને ખેડૂતોનો સંપર્ક કરી પ્રયત્નો કરવા સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓને જણાવવામાં આવે છે. તેમજ આ કામગીરી કરતી વખતે નીચે મુજબની શરતોનુ ચુસ્ત પણે પાલન કરવાનુ રહેશે.

શરતો.

(૧) આ પરિપત્રની વિગતે ખેડૂત ખાતેદારો સરકારી તળાવોમાંથી કાંપ માટી સંબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની પૂર્વ મંજુરી મેળવીને જ ઉઠાવી શકશે. તે સિવાય કાંપ માટી ઉઠાવી શકાશે નહિં.

(૨) ખેડૂતોએ કાંપની માટીનો ઉપયોગ પોતાના ખેતરમાં જ કરવાનો રહેશે. તળાવમાંથી કાંપ માટી કાઢવા-વહન કરવા ખેડૂતો પોતાની મશીનરીનો ઉપયોગ કરી શકશે. આ માટે કોઇ કોન્ટ્રાકટરની મશીનરી કે વાહનનો ઉપયોગ કરવો ફરજીયાત નથી. આમ છતાં જે ખેડૂતોને પોતાની મશીનરી ન હોય તેઓ ખાનગી ધોરણે મશીનરી ભાડેથી મેળવી શકશે. આ માટે પૂર્વ મંજુરી વખતે

સંબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પાસે ખેડૂતોએ પોતાની મશીનરી/ખાનગી મશીનરી અંગેની નોંધણી કરાવવાની રહેશે. ખેડૂતો ખાનગી ધોરણે મશીનરી ભાડેથી મેળવવા માટે સંબંધિત જીલ્લાના સિંચાઇ અધિક્ષક ઇજનેરશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ ભાવ પ્રમાણે ભાડેથી મેળવી શકશે. આ કામગીરી માટે કોઇ ઇસમ ખેડૂતો પાસેથી વધારે રકમ માગતાં પકડાશે તો કડક દંડનીય કાર્યવાહિ હાથ ધરાશે.

(૩) તળાવોના પાળાને નુકશાન ન થાય તેમજ પાળાની સલામતિ જળવાઇ રહે તેનુ ચુસ્ત પણે પાલન કરવાનુ રહેશે.

(૪) ખેડૂતો આ કાંપની માટીને અન્ય કોઇને વેચી શકશે નહિ અને આમ કરતાં જો માલુમ પડશે તો આ અંગે કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવશે.

(૫) તળાવમાંથી કાંપ કાઢતી વખતે સલામત અંતર છોડી હાથ ધરવાની રહે શે અને ભેખડો ધસી પડવાના કિસ્સા ન બને તેની તકેદારી રાખવાની રહેશે.

(૬) તળાવના એપ્રોચ/પાણીના આવરા અને નિકાલના માર્ગમાં કામગીરી દરમ્યાન કોઇ અડચણ, અવરોધ કે રૂકાવટ ન થાય અને વધુ માં વધુ જળ સંગ્રહ થાય તે માટેની આગોતરી ખાતરી કરી લેવાની રહેશે.

( એન. જે. પટેલ )
ઉપ સચિવ (ઉ.ગુ.)
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર

<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>

૧. માનનીય મંત્રીશ્રી (જ.સં.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માનનીય રા.ક.મંત્રીશ્રી(જ.સં.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી(જ.સં.)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. ખાસ સચિવશ્રી(જ.સં.)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર (કાર્યક્ષેત્રને સંબંધિત ક્ષેત્રિય અધિકારીશ્રીઓને પણ સૂચના પાઠવવા સારૂ.)
૬. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી., સેકટર-૧૦-બી, ગાંધીનગર.
૭. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જમીન વિકાસ નિગમ લી., સેકટર-૧૦-બી, ગાંધીનગર.
૮. સર્વે કલેકટરશ્રી,(સંબંધિત મામલતદારશ્રીઓને આ પરિપત્રનો અમલ કરવાની સૂચના આપવા સારૂ.)
૯. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૧૦. મુખ્ય માહિતી અધિકારીશ્રી, ન.જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ( આ વિભાગની વેબસાઈટ ઉપર મુકવા સારૂ. )
૧૧. સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ (ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ) તમામ શરતોનું પાલન થાય તે અંગે ઘટતું કરવા તેમજ સંબંધિત જીલ્લાના મહેસુલ અધિકારીશ્રીઓના પરામર્શમાં રહી જરૂરી કાર્યવાહી કરવા અંગે.
૧૨. નાણાકીય સલાહકારશ્રી (જ.સં.) સચિવાલય, ગાંધીનગર.
૧૩. સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક), ન.જ.સં.પા.પુ.અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪. સર્વે પ્રોજેકટ શાખાઓ, સચિવાલય, ગાંધીનગર.
૧૫. સીલેકટ ફાઈલ.